
ઓલમ્પિક રમતો ની વાર્તા

મિન્ના લેસી, ચિત્ર: પેડી મોઉન્ટર



ઓલમ્પિક રમતો ની વાર્તા

મિન્ના લેસી, ચિત્ર: પેડી મોઉન્ટર



અનુક્રમ



પ્રકરણ 1

પ્રાચીન ગ્રીસ માં ખેલ




પ્રાચીન ગ્રીક લોકો ને પ્રતિસ્પર્ધા કરવી પસંદ હતી. એ દરેક વસ્તુ માટે પ્રતિયોગિતા આયોજિત કરતા હતા - સાર્વજનિક ભાષણ, ચિત્રકલા, લેખન, અને ચુંબન માટે પણ!

પણ સૌથી લોકપ્રિય પ્રતિયોગિતા ખેલકૂદ ની થતી - દોડવાની હરીફાઈ, રથ ની દૌડ, મુક્કાબાજી, કુશ્તી અથવા ડિસકસ (ધાતુ નું ગોળ ચક્ર) ફેંકવાનું.

કોઈ પણ મોટું આયોજન ખેલ પ્રતિયોગિતા માટે એક સારું બહાનું હતું. ગ્રીક લોકો તહેવાર અને ધાર્મિક ઉત્સવો ના અવસર પર દૌડ અને કુશ્તી ની મેચ આયોજિત કરતા હતા - અને અંતિમવિધિ વખતે પણ.

જયારે એ યુદ્ધ માં જતા ત્યારે પણ એ એમના ભાલા અને ડિસકસ સાથે લઈ જતા.



પ્રકરણ 2

પહેલી સ્પર્ધા



કોઈને પણ નિશ્ચિન્તપણે ખબર નથી કે ઓલમ્પિક ખેલ વાસ્તવ માં કેવી રીતે શરુ થયા. પણ ખેલો ની પહેલી સ્પર્ધા નું આયોજન લગભગ 3000 વર્ષો પૂર્વે ઈ. પૂ. 776 માં ઓલંપિયા માં કરવામાં આવ્યું હતું, એવી નોંધ મળે છે.

ઓલંપિયા એક મનોહર નદી ની ઘાટી માં હતું, જે દક્ષિણ-પશ્ચિમ ગ્રીસ માં જેતૂન ના વૃક્ષ અને ટેકરીઓ થી ઘેરાયેલું હતું.

ગ્રીક દેવતાઓ ના રાજા ઝીયસ અને એની રાણી ની આરાધના કરવા લોકો ઓલંપિયા આવતા હતા.

એક કહાણી અનુસાર ઝીયસ ના દીકરા, ગ્રીક હીરો હેરાકલ્સે, ઓલમ્પિક રમતો ની શરૂઆત કરી હતી.



એક અન્ય કહાણી અનુસાર લીડિયા ના રાજકુમાર પેલોપ્સ ની યાદગીરી રૂપે એના અંતિમ સંસ્કાર વખતે એ રમતો ની શરૂઆત થઈ. વર્ષો પહેલા પેલોપ્સ એ રથ ની દૌડ જીતી હતી, એક સુંદર રાજકુમારી ને એની નવવધૂ તરીકે જીતવા માટે.



પણ રમતો ની શરૂઆત કદાચ ઝીયસ ની પ્રશંસા માં ઓલંપિયા માં એક મોટા ધાર્મિક ઉત્સવ ના રૂપ માં થઈ હશે.




સૌથી પહેલા, ખેલો માં ફક્ત એક જ દૌડ હતી - 190 મીટર (623 ફીટ) ની દૌડ જે સ્ટેડિયમ ની લંબાઈ પણ હતી.

એમાં બધા દોડવીર ગ્રીક પુરુષ હતા. જે મહિલાઓ દૌડ માં ભાગ લેવા ઇચ્છતી હતી, એમને માટે એક અલગ પર્વ હતો જેને હેરાયા કહેવામાં આવતો.




776 ઈ. સ. પૂર્વ થી, ખેલો ઓલંપિયા માં દર ચાર વર્ષે, સામાન્ય રીતે ઓગષ્ટ માં આયોજિત કરવામાં આવતા હતા. ખેલો ની વચ્ચે ચાર વર્ષ ની અવધિ ને ઓલમ્પિયાડ કહેવામાં આવતો.

પ્રાચીન ગ્રીસ માં પુરુષ ખેલાડી ને નિવસ્ત્ર સ્પર્ધા કરવાની પરંપરા હતી. એથી પુરુષો ને પોતાના સ્નાયુબદ્ધ શરીર બતાવવાનો મોકો મળતો હતો.




હલકા વ્યાયામ પૂર્વે પ્રત્યેક સ્પર્ધક શરીરે જેતૂન નું તેલ રગડતાં હતા. પહેલવાન વધારાની પકડ માટે શરીર પર પાઉડર અને રેતી મલતા હતા.



સમય ની સાથે-સાથે ઓલમ્પિક ખેલ ગ્રીસ માં સૌથી લોકપ્રિય ખેલ ઉત્સવ બની ગયા. એ જોવા માટે ઇટાલી, સીરિયા, ઇજીપ્ત અને કાળા સમુદ્ર જેવા દૂરદૂરના ઠેકાણે થી હજારો લોકો આવવા લાગ્યા.

456 ઈ. પૂ. માં ઓલમ્પિયા માં ઝીયસ નું એક ભવ્ય મંદિર બનીને તૈયાર થયું. એ જોવા માટે મોટી ભીડ ઉમટી.

લોકો ઝીયસ ની 13 મીટર (43 ફીટ) ઊંચી પ્રતિમા જોવા માટે લાઈન માં ઉભા રહેતા હતા.



કેવળ પુરુષો અને અવિવાહિત મહિલાઓ જ ખેલો ને જોઈ શકતી હતી. નહીં તો એમને મોત ની સજા થતી હતી. એક વિવાહિત મહિલા એ એના પુત્ર ની બોક્સિંગ સ્પર્ધા જોવા એક ટ્રેઈનર ની વેશભૂષા પહેરીને પોતાને છુપાવી. પણ જયારે પુત્ર જીત્યો ત્યારે એ મહિલા નો ભેદ ખુલી ગયો. સૌભાગ્ય થી, એનો પતિ અને ભાઈ ઓલંપિક ચેમ્પિયન હતા, એટલે એનો જીવ બચી ગયો.



ત્યારથી પ્રેક્ષકો ને પણ નગ્ન રહેવું પડતું હતું.

પ્રકરણ 3

પ્રદર્શન




હર ચોથી વસંત માં, ત્રણ દૂત "શાંતિ ની અવધિ" ની ઘોષણા કરવા ગ્રીસ ની યાત્રા કરતા હતા. એથી ઓલંપિયા ની આસપાસ ખેલો ના એક મહિના પહેલા અને એક મહિના સુધી યુદ્ધવિરામ જાહેર થતું, જેને "ઓલંપિક યુદ્ધવિરામ" કહેતા હતા.

ગ્રીક લોકો લગાતાર યુદ્ધ લડતા રહેતા હતા. પણ યુદ્ધવિરામ દરમ્યાન, ઓલમ્પિયા પાસે લડાઈ પર રોક લાગી જતી હતી જેથી લોકો સુરક્ષિત રૂપે પર્વ માં ભાગ લેવા યાત્રા કરી શકે.



જેવું યુદ્ધવિરામ સમાપ્ત થતું, લોકો યુદ્ધ માં ફરી ચાલ્યા જતા હતા.

ખેલો ના શરુ થવાં ના 100 વર્ષો પછી 18 મુખ્ય ખેલ થવા લાગ્યા. પહેલા એક રથ-દૌડ થતી હતી જેને ટેથરીપ્પોન કહેવામાં આવતી, જે હિપ્પોડ્રોમ નામના વર્તુળાકાર મેદાન માં થતી.



મુખ્ય આકર્ષણ પેન્ટાથલોન હતું, જે પાંચ ખેલો ની શૃંખલા હતી. કિંવદંતી અનુસાર, એનો આવિષ્કાર જેસન નામના એક ગ્રીક હીરો એ કર્યો હતો. જેસને એના મિત્ર પેલેસ સામે પહેલી પેન્ટાથલોન પ્રતિસ્પર્ધા કરી હતી.

દોડવાનું ...



પેન્ટાથલોન માં ડિસકસ ફેંકવાનું ...



કુશ્તી ...



ભાલો ફેંકવાનું ...



અને લાંબે ફૂદવાનું સામેલ હતું.





સૌથી ભયાવહ ઇવેન્ટ એક ક્રૂર લડાઈ પ્રતિયોગિતા હતી જેને પૈંક્રાશન કહેવામાં આવતું હતું. એમાં પુરુષો એક-બીજા ના હાડકા મુક્કા અને લાત મારીને તોડી શકતા હતા. જે વસ્તુઓ ની અનુમતિ ન હતી, એ હતી પ્રતિદ્વંદ્વી ને બટકા ભરવાની અને એની આંખો ને ફોડવાની.


ઓલમ્પિક વિજેતાઓ ને જેતૂન ના પત્તાઓ નો હાર પહેરાવવામાં આવતો અને એમના નામ ઉપર કવિતાઓ રચવામાં આવતી અને પૂરા ગ્રીસ માં એ ગીતો અને કવિતાઓ ને સંભળાવવામાં આવતા.



જયારે ઈ. પૂ. બીજી શતાબ્દી માં, રોમનોએ ગ્રીસ પર વિજય પ્રાપ્ત કર્યો, એ સમયે ખેલ ઘણો પ્રચલિત હતો.

પણ ઓલમ્પિક શરુ થવાના 1166 વર્ષો પછી 393 ઇ. સ. માં એક ઈસાઈ રોમન સમ્રાટ થિયોડોસિયસ પ્રથમે એના પર પ્રતિબંધ લગાવી દીધો. એના સૈનિકોએ ઝીયસ ના મંદિર ને પણ નષ્ટ કરી દીધું.





પછી ના વર્ષો માં, ઓલંપિયા બરબાદ થઈ ગયું. ભૂકંપ અને પછી પૂર ને લીધે, ખેલ નું સ્થળ જમીન નીચે દબાઈ ગયું.


1000 થી વધારે વર્ષો સુધી ખેલ નું સ્થળ જમીન નીચે છુપાયેલું રહ્યું...

પ્રકરણ 4

એક ભવ્ય યોજના



1875 માં, અર્ન્સ્ટ કર્ટિયસ નામના જર્મન પુરાતત્વવિદે ઓલંપિયા ના ખંડેરો માં મંદિરો, મૂર્તિઓ અને વાસણો શોધ્યા. એથી એ પ્રાચીન ખેલો માં લોકો ની રુચિ ફરી પેદા થઈ.




એક ફ્રાન્સ ના અમીર, બેરન પિયેર ડી કુબરટિન, ઓલંપિક થી મોહિત હતા. એમણે ઓલંપિક વિષે ઘણું વાંચ્યું. કુબરટિન પોતે એક ઉત્સાહી મુક્કાબાજ, તલવારબાજ, નૌકા-ચાલક અને ઘોડેસ્વાર હતા. એમનું માનવું હતું કે ખેલ, બધા લોકો ને તંદુરસ્ત અને વધારે સફળ થવામાં મદદ કરી શકે છે.

એમણે વિભિન્ન દેશો માં ખેલ કેવી રીતે રમાય છે એનું અધ્યયન કર્યું. ઇંગ્લેન્ડ માં રગ્બી જેવી ભયંકર સ્પર્ધાવાળા ખેલ સ્કૂલ માં રમાતા હતા. કુબરટિને એની પ્રશંસા કરી.



એમણે ઇંગ્લેન્ડ માં મચ વેનલોક નામના એક નાના શહેર ની પણ મુલાકાત લીધી, જ્યાં એક ખેલ ઉત્સવ આયોજિત કરવામાં આવતો હતો જેનું નામ હતું : વેનલોક ઓલંપિયન ખેલ.

એથી એમના મનમાં એક વિચાર ઉદ્ભવ્યો. 1892 માં, ખેલ અધિકારીઓ ની એક સભા માં, કુબરટિને એક આંતરરાષ્ટ્રીય ઓલંપિક ખેલ શરુ કરવાની એમની યોજના ની ઘોષણા કરી.



કુબરટીને હાર ન માની. એણે બે વર્ષ અથક પત્રો લખવા અને વિશ્વ નેતાઓ સાથે વાત કરવામાં વિતાવ્યા. અંત માં, એણે ખેલ અધિકારીઓ ની બીજી એક બેઠક આયોજિત કરી. આ વખતે એની યોજનાઓ નો સ્વીકાર કરવામાં આવ્યો. કુબરટીન રોમાંચિત થઈ ગયા.



એમનું આગલું કામ નવા ઓલંપિક ના આયોજન માટે એક સમૂહ બનાવવાનું હતું. જે આંતરરાષ્ટ્રીય ઓલંપિક સમિતિ, અથવા આઈઓસી (IOC) ના નામ થી ઓળખાવા લાગી.

પ્રકરણ 5

એક યશસ્વી શરૂઆત



પહેલો આધિકારિક આધુનિક ઓલંપિક ખેલ, 6 એપ્રિલ 1896 માં ગ્રીસ ના એથેન્સ શહેર માં ખેલવામાં આવ્યો.

14 દેશો ના પુરુષો રમતવીરોને, અલગ-અલગ ખેલ સ્પર્ધાઓ માં રમતા જોવા ભેગા થયા. અહીં સ્પર્ધાઓ હતી - એથ્લેટિક્સ, સાઇકલ ચલાવવી, તલવારબાજી, જિમ્નાસ્ટિક, શૂટિંગ, તરવાની હરીફાઈ, ટેનિસ, વજન ઉંચકવું અને કુશ્તી.



મહિલાઓ ખેલો ને ફક્ત જોઈ શકતી હતી. એ દિવસો માં, કુબરટિન સહીત ઘણા લોકો નું માનવું હતું કે મહિલાઓ ઓલંપિક ખેલ ખેલવા માટે બહુ નાજુક હતી.

ઘણા એથ્લીટો માટે સૌથી મોટી સમસ્યાઓ માં થી એક હતી - એથેન્સ ની યાત્રા. જેમ્સ કોનોલી નામના એક અમેરિકને એની લગભગ બધી બચત પૂંજી ન્યૂયોર્ક થી નેપલ્સ ની નાવ યાત્રા પર ખર્ચી નાખી, જેમાં 17 દિવસો લાગ્યા.



પણ એ યાત્રા એને લાયક હતી. કોનોલી એ હોપ, હોપ અને જમ્પ (હવે ટ્રિપલ જમ્પ) જીત્યા, અને આધુનિક ખેલો માં પહેલા પદક ના વિજેતા બન્યા.

એ સમયે પ્રવેશ નિયમો બહુ સખત ન હતા. જોન બોલેન્ડ નામના એક આઇરિશ પર્યટકે આખરી મિનિટ માં નામ નોંધાવ્યું ... અને એણે ટેનિસ એકલ અને યુગલ પ્રતિયોગિતા જીતી.



તરણવીરો ને વિશેષ રૂપ થી ખડતલ હોવું જરૂરી હતું. એમને નાવમાં થી ખુલા સમુદ્ર માં કુદવું પડતું હતું અને બર્ફીલા ઠંડા પાણી માં કિનારા તરફ તરવું પડતું હતું.

એથેન્સ ઓલમ્પિક માં 40-કિમિ (લગભગ 25 માઈલ) મેરેથોન દૌડ નો આવિષ્કાર થયો. એ એનું મુખ્ય આકર્ષણ હતું.

મેરેથોન દૌડ ફીડીપિડ્સ નામના એક ગ્રીક સૈનિક ની વાર્તા થી પ્રેરિત થઈ હતી. ઈ.પૂ. 490 માં, એ ફારસીઓ પર ગ્રીસ ના વિજય ની ખબર આપવા મેરેથોન થી એથેન્સ સુધી આટલી દૂરી સુધી દોડયો હતો.



જેવી એથેન્સ માં પહેલી મેરેથોન દૌડ પૂરી થવા ની નજીક આવી, સમુદાય પગ પર ઉભો થઈ ગયો, કેમકે સ્પિરિડોન લુઈ નામના એક ગ્રીક દૌડવીરે અંતિમ ચક્કર માટે સ્ટેડિયમ માં પ્રવેશ કર્યો હતો.



પોતાના ઉત્સાહ પર કાબૂ પામવામાં વિફળ થયા પછી બે ગ્રીક રાજકુમારો, ગ્રીસ ના રાજા જોર્જ 1 ના પુત્રો, ટ્રેક પર કૂદી ગયા અને લુઇ સાથે ફિનિશ લાઈન સુધી દોડયા.

પ્રકરણ 6

રમતો નો વિસ્તાર

એક બહુ સફળ શરૂઆત પછી, IOC એ હર ચાર વર્ષો પછી, કોઈ અલગ શહેર માં ઓલમ્પિક રમત આયોજિત કરવાનો ફેંસલો કર્યો.

1900 માં ખેલ પેરિસ, ફ્રાન્સ માં આયોજિત કરવામાં આવ્યો. આ વખતે મહિલાઓ ખેલ માં ભાગ લઈ શકતી હતી, પણ ફક્ત ગોલ્ફ અને ટેનિસ જેવી "મહિલા" ખેલો માં.





અમેરિકા માં સેન્ટ લુઈ માં 1904 ના ઓલંપિક પછી, IOC એ 1908 ના ખેલ રોમ, ઇટાલી ને પ્રદાન કર્યા. પણ ઇટાલી માં માઉન્ટ વેસુવિયસ જવાળામુખી એકાએક ફાટ્યો, અને ઓલમ્પિક ખેલો ને લંડન, ઇંગ્લેન્ડ માં સ્થાનાંતરિત કરવામાં આવ્યા.

લંડન મેરેથોન ની શરૂઆત ને કિંગ એડવર્ડ સપ્તમ અને રાણી એલેઝાન્ડ્રિયા એમના રાજમહેલ વિન્ડસર કાસલ થી જોવા માંગતા હતા.

એટલે દૌડ ની લંબાઈ ને 42.195 કિ.મિ. (26 માઈલ 385 ગજ) સુધી વધારવામાં આવી. ત્યારથી લઈને આજ સુધી, હર મેરેથોન દૌડ માં આ જ દૂરી રાખવામાં આવી છે.

લંડન મેરેથોન માં લોકો એ પહેલી વાર ડી કુબરટિન ના ઓલમ્પિક વિચારો ને સાંભળ્યા. એમના ઓલમ્પિક વિષે વિચારો હતા :



એન્ટવર્પ, બેલ્જીયમ માં 1920 ના ખેલો પછી, IOC એ ફેંસલો કર્યો કે એમની પાસે બરફ ઉપર રમવા માટે પર્યાપ્ત રમતો હતી. એટલે એમણે અલગ થી શીતકાલીન ખેલ પ્રતિયોગિતા શરુ કરી.




પહેલા શીતકાલીન ઓલંપિક ખેલો 1924 માં, ફ્રાન્સ ના શામોનીક્સ માં થયા. એમાં સ્કીઈંગ, ફિગર સ્કેટિંગ, ને આઈસ હોકી સામેલ હતા. 1992 પછી, આ શીતકાલીન ખેલ, ગ્રીષ્મકાલીન ખેલ પછી બે વર્ષે થાય છે.

દર વર્ષે ઓલંપિક માં વધારાના ખેલો જોડવામાં આવ્યા કેમકે આ નવા ખેલ અધિક લોકપ્રિય થયા હતા. 1896 (એથેન્સ) માં 9 ખેલ અને 52 સ્પર્ધા હતી, 1952 (હેલસિન્કી, ફિનલેન્ડ) માં 17 ખેલ અને 149 સ્પર્ધા હતા, અને 2004 (એથેન્સ) માં 28 ખેલ અને 301 સ્પર્ધા હતી.

જે ખેલો ને હાલ માં જોડવામાં આવ્યા છે એમાં 1976 માં આઈસ-ડાન્સિંગ સામેલ છે (ઇન્સબ્રુક, ઓસ્ટ્રેલિયા),

1996 માં બીચ-બોલ

(એટલાન્ટા, અમેરિકા),





અને 1998 માં સ્નો-બોર્ડિંગ

(નાગાનો, જાપાન).



બીજિંગ, ચીન માં 2008 ના ખેલો માં BMX સાયકલિંગ ને સામેલ કરવામાં આવી ...



... અને 10 કિમી (6-માઈલ) મેરેથોન તરણસ્પર્ધા પણ.



દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી, મેરુ ના હાડકાઓ ની ઈજા વાળા સેવાનિવૃત્ત સૈનિકો માટે, ઇંગ્લેન્ડ ના સ્ટોક મંડેવિલ માં, એક ખેલ પ્રતિયોગિતા આયોજિત કરવામાં આવી.

એ બહુ સફળ થઈ. પછી 1960 માં વિકલાંગ રમતવીરો માટે પહેલા આંતરરાષ્ટ્રીય પેરાલમ્પિક ખેલો નું આયોજન કરવામાં આવ્યું.



એ પછી 1976 માં પહેલો શીતકાલીન પેરાલમ્પિક થયો.

પ્રકરણ 7


ભપકો અને સમારોહ

ઓલમ્પિક ખેલો માં ઉદ્ઘાટન
સમારોહ એક વિશાળ જલસા જેવો
હોય છે.

રમતવીરો ની એક વિશાળ પરેડ પછી,
સંગીત, રોશની, નૃત્ય અને આતશબાજી
નું અદ્ભૂત પ્રદર્શન થાય છે.



ખેલ શરુ થવા ના થોડા મહિના પહેલા, ઓલંપિયા માં એક મશાલ પેટાવવામાં આવે છે અને પગે, આકાશમાર્ગે, રસ્તા ના માર્ગે, રેલવેમાર્ગે અથવા પાણી ના માર્ગે રિલે દ્વારા લાવવામાં આવે છે. છેવટે, એક દૌડ઼વીર અંતિમ મશાલ ને ઉદ્દઘાટન સમારોહ માં સ્ટેડિયમ માં લાવે છે અને ત્યાં એક કઢાઈ માં જ્યોત પ્રગટાવે છે.



ઓલંપિક સ્તોત્ર ગાયા પછી ઓલંપિક નો ઝંડો લહેરાવવામાં આવે છે. ડી કુબરટિને ઝંડા ને પાંચ વલય સાથે ડિઝાઇન કર્યો હતો. આ વલયો દુનિયા ના પાંચ મહાદ્વીપો નું પ્રતિનિધિત્વ કરે છે - આફ્રિકા, અમેરિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા અને યુરોપ - બધા શાંતિ અને સદ્ભાવ માં એક-બીજા સાથે જોડાયેલા છે.



ખેલ ના અંત સુધી એ જ્યોત પ્રજ્વલ્લિત રહે છે.

પ્રાચીન ખેલો માં પણ એક જ્યોત લગાતાર સળગતી રહેતી હતી.

પ્રકરણ 8

ઓલમ્પિક હીરો

બર્લિન માં 1936 નો ઓલંપિક ખેલ ત્યારે થયો જયારે જર્મની માં નાઝી નેતા એડોલ્ફ હિટલર શાસન કરી રહ્યા હતા.



હિટલર જર્મન ટીમ ની તાકાત દેખાડવા ઉત્સુક હતા, પણ ખેલો નો હીરો ઓહિયો નો એક અશ્વેત અમેરિકી દૌડ઼વીર બન્યો, જેનું નામ હતું જેસી ઓવેન્સ.



જર્મનો સાથે મજબૂત હરીફાઈ છતાં, ઓવેન્સે ચાર સુવર્ણપદક જીત્યા - 100-મીટર અને 200-મીટર દૌડ, લાંબી કૂદ અને 100-મીટર રીલે.

ઓવેન્સે એક અમેરિકન, કાર્લ લુઈ સહીત ઘણા રમતવીરો ને પ્રેરિત કર્યા. 1984 ની ઓલંપિક સ્પર્ધા માં , લુઈ એ ઓવેન્સ જેટલા જ ઇવેન્ટ જીત્યા.



ચાર ઓલંપિક ખેલો માં, લુઇ એ લાંબી કૂદ માં આશ્ચર્યજનક ચાર સ્વર્ણ સહીત, કુલ નવ સ્વર્ણ પદક જીત્યા.

લુઇ ના નવ સ્વર્ણ પદક એક ઉલ્લેખનીય ફિન્નીશ લાંબી દૂરી ના ધાવક પાવો નૂરમી (ફ્લાયિંગ ફીન્ન) ના પ્રદર્શન થી મેળ ખાય છે. નૂરમી એ 1920, 1924 અને 1928 ના ઓલંપિક ખેલો માં સ્વર્ણ પદક જીત્યા હતા.



1948 ના લંડન ઓલંપિક માં એક ડચ એથ્લેટ, ફેની બ્લાન્કર્સ કોએન, એક આંતરરાષ્ટ્રીય હીરો બની. 30 વર્ષ ની આયુ માં, એ બે બાળકો ની માઁ હતી. ઘણા લોકો ને એની સફળતા ની બહુ ઓછી આશા હતી. પણ એણે 100-મીટર, 200-મીટર, 80-મીટર હર્ડલ્સ અને 4x100-મીટર રીલે માં સ્વર્ણ પદક જીત્યા.






1968 ના મેક્સિકો સીટી ઓલંપિક ના સિતારા માં એક હતા બોબ બિમોન. એણે લાંબી છલાંગ માં 8.9 મીટર (34-ફીટ) ની છલાંગ લગાવી, અને જુના વિશ્વ રેકોર્ડ ને 55-સેન્ટીમીટર (22-ઇંચ) થી તોડી દીધો.

એ પછી બિમોન એટલો ઉત્સાહિત થયો કે એ એમ કહેતા એના ગોઠણ પર પડયો, "મને બતાવો કે હું કોઈ સપનું તો નથી જોઈ રહ્યો!" એનો વિશ્વ રેકોર્ડ 23 વર્ષો સુધી ચાલ્યો.

1972 ના મ્યુનિક ઓલંપિક માં, અમેરિકી તૈરાક માર્ક સ્પિત્ઝ એ એક સપ્તાહ માં સાત સ્વર્ણ પદક જીત્યા અને સાત વિશ્વ રેકોર્ડ બનાવ્યા.


અને કેનેડા ના મોન્ટ્રિઅલ માં 1976 ના ઓલંપિક માં, 14 વર્ષીય રોમાનિયા ની જીમનાસ્ટ નાદિયા કોમાનીચી એ દર્શકો ને પ્રસન્ન કર્યા.





એ પૂરા 10 અંક મેળવવાવાળી પહેલી જીમનાસ્ટ હતી અને છ સ્પર્ધાઓ માં '10' જીતી હતી. પણ સ્કોરબોર્ડ એ માટે બનાવ્યા નહોતા, એટલે એનો સ્કોર ફક્ત '1' દેખાયો.

બ્રિટિશ રોવર સ્ટીવ રેડગ્રેવે સિડની, ઓસ્ટ્રેલિયા માં 2000 ની સાલ ના ખેલો માં ઓલમ્પિક ઇતિહાસ બનાવ્યો. રોઇંગ પ્રતિયોગિતા જીત્યા પછી, એ પાંચ ઓલંપિક માં સ્વર્ણ જીતવાવાળા "એન્ડયુરન્સ સ્પોર્ટ" માં પહેલા એથ્લેટ બન્યા.





પૂર્વ જર્મની કેનોઇંગ સ્ટાર બિરગિટ ફિશરે 1980 માં મોસ્કો, રૂસ માં આયોજિત ખેલો માં 18 વર્ષ ની આયુ માં એનો પહેલો સ્વર્ણ પદક જીત્યો. એણે 24 વર્ષો પછી જર્મની માટે એનો આઠમો સ્વર્ણ પદક જીત્યો, 2004 ના એથેન્સ ખેલો માં - જે એની છઠ્ઠી ઓલંપિક હતી. આ એક અવિશ્વસનીય ઉપલબ્ધી હતી.

આજે ઓલંપિક દુનિયા નો સૌથી મોટો ઉત્સવ બની ગયો છે.

ફક્ત 100 વર્ષો સુધી ચાલ્યા પછી, કોને ખબર છે કે આધુનિક ખેલ, પ્રાચીન ખેલો જેટલા લાંબા ચાલશે, જે 1000 થી વધુ વર્ષો થી ચાલુ હતા.



જો ચાલ્યા, તો લોકો 3062 ની સાલ માં પણ ઓલંપિક્સ માં ભાગ લેતા અને જોતા હશે...





ગ્રીષ્મકાલીન ઓલંપિક ની તારીખો



1896 એથેન્સ, ગ્રીસ
1900 પેરિસ, ફ્રાન્સ
1904 સેન્ટ લુઈ, અમેરિકા
1908 લંડન, યુકે
1912 સ્ટોકહોલ્મ, સ્વીડન
1916 (વિશ્વ યુદ્ધ ને લીધે આયોજન ન થયું)
1920 એન્ટવર્પ, બેલ્જિયમ
1924 પેરિસ, ફ્રાન્સ
1928 એમ્સ્ટર્ડએમ, નેધરલેન્ડ
1932 લોસ એન્જલ્સ, યુએસએ
1936 બર્લિન, જર્મની
1940 (વિશ્વ યુદ્ધ ને લીધે આયોજન ન થયું)
1944 (વિશ્વ યુદ્ધ ને લીધે આયોજન ન થયું)
1948 લંડન, યુકે
1952 હેલસીન્કી, ફિનલેન્ડ
1956 મેલ્બર્ન, ઓસ્ટ્રેલિયા
1956 સ્ટોકહોલ્મ, સ્વીડન (ઘુડસવારી)
1960 રોમ, ઇટાલી
1964 ટોક્યો, જાપાન
1968 મેક્સિકો સિટી, મેક્સિકો
1972 મ્યુનિક, જર્મની
1976 મોન્ટ્રિઅલ, કેનેડા
1980 મોસ્કો, રૂસ
1984 લોસ એન્જલ્સ, યુએસએ
1988 સિઓલ, કોરિયા
1992 બાર્સીલોના, સ્પેન
1996 એટલાન્ટા, અમેરિકા
2000 સિડની, ઓસ્ટ્રેલિયા
2004 એથન્સ, ગ્રીસ
2008 બીજિંગ, ચીન
2012 લંડન, યુકે





શીતકાલીન ઓલંપિક ની તારીખો



1924 શામોનીક્સ, ફ્રાન્સ
1928 સેન્ટ મોરીટઝ, સ્વિટઝર્લેન્ડ
1932 લેક પ્લાસીડ, અમેરિકા
1936 ગાર્મિશ પાર્ટેનકિર્ચેન, જર્મની
1940 (વિશ્વ યુદ્ધ ને લીધે આયોજન ન થયું)
1944 (વિશ્વ યુદ્ધ ને લીધે આયોજન ન થયું)
1948 સેન્ટ મોરીટઝ, સ્વિટઝર્લેન્ડ
1952 ઓસ્લો, નોર્વે
1956 કોર્ટીના દ'એમ્પેઝો, ઇટાલી
1960 સ્કવા વેલી, યુએસએ
1964 ઇન્સબ્રુક, ઓસ્ટ્રિયા
1968 ગ્રેનોબલ, ફ્રાન્સ
1972 સાપોરો, જાપાન
1976 ઇન્સબ્રુક, ઓસ્ટ્રિયા
1980 લેક પ્લાસીડ, યુએસએ
1984 સારાયેવો, યુગોસ્લાવિયા
1988 કેલ્ગેરી, કેનેડા
1992 આલ્બરટવીલ, ફ્રાન્સ
1994 લીલહેમર, નોર્વે
1998 નાગાનો, જાપાન
2002 સાલ્ટ લેક સીટી, યુએસએ
2006 ટ્યૂરિન, ઇટાલી
2010 વાંકોવર, કેનેડા
2014 સોચી, રૂસ



ઓલંપિક ખેલો ની વાર્તા

પ્રાચીન ગ્રીસ માં એક ઉત્સવ થી લઈને આજ સુધી વિશ્વવ્યાપી આયોજન સુધી, ઓલંપિકે એથ્લીટો અને સમર્થકો ને સમાન રૂપ થી પ્રેરિત કર્યા છે. જાણી લો કે દુનિયા ના સૌથી વિશાળ ખેલો ના આયોજન નો જન્મ કેવી રીતે થયો અને ઓલંપિક ઇતિહાસ બનાવવાવાળા અદ્ભૂત હીરો ની ઓળખ કરો.

